ગાંધીનગર સમાચાર





## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સ્ત્રી સહજ, ભીરૂ સ્વભાવે, વજુભાઈને વળાવ્યા!
ને વૈર ભાવે, નિષ્કંટ થવા રૂપાલાને હટાવ્યા!
ઘટાળ્યા કદે અને અનીતિ કરી નીતિન સાથે -
હાથે કરી, 'પટેલ પંથ'માં એણે કંટકો વાવ્યા!
(જે ખોદે તે પડે)

**હાઈકુ**

ચીનથી આવી,
હવે પૂછતાં નહીં -
મારો શું વાંક?!
(હાથ ના કર્યા)

પડી છે ટેવ!
ચૂંટણી ભાષણની -
વિદેશે પણ..
(મને વારસામાં કઠિનાઈ મળી..)

### ચિંતન

**બહુનાં ચૈવ સત્ત્વાનાં સમવાયો રિપુશ્ચયઃ । વર્ષ ધારાધરો મેઘ સ્તૃણૌ રપિ નિર્વાયતે ॥**

'સામાન્ય વ્યક્તિઓનો સમુદાય-તેઓનું સંગઠ્ન-જૂથ (એઓસીએશન) મંડળ-સંગઠિત થઈ શક્તિશાળી દુશ્મન (સરકાર)ને પણ સરળતાથી હરાવી શકે છે જેવી રીતે એકત્રિત કરેલાં ઘાસ-તણખલાનું છાપરું અતિ વરસાદમાં પણ જળની ધારાને ઘરમાં આવતાં અટકાવી શકે છે.'

'ચાણક્ય નીતિ'નો આ શ્લોક છે.

આજકાલ નોકરી-ધંધાઓમાં કર્મચારીઓનાં સંગઠ્નો પોતાના શેઠ-માલિક પાસેથી ધાર્યા પગાર અને લાભો મેળવે છે. નાત-જાત-ધર્મોના સંગઠ્ન એકઠાં થઈ જોઈતા લાભો (અનામત જેવા) પડાવી લે છે. સંગઠ્નથી શોષણ ન થાય એ બરાબર છે પણ એ જ સંગઠ્ન 'નાક દબાવવા' ના પ્રયોજન માટે વપરાય ત્યારે દૂષણ બને છે. દરેક માગણી વાજબી અને ન્યાયી ન પણ હોય.

સંગઠન 'સંરક્ષણ' માટે જરુરી છે પણ 'હઠ માટે દૂષણ બને છે.'

### સુવિચાર

- જે વ્યક્તિ પોતાને 'જે બાબત દોડતી રાખે છે' એની પ્રત્યે પ્રામાણિક રહે તો એક દિવસ જીવનના લક્ષ્યને એ પામી શકશે - **એસ. ભટ્ટાચાર્ય**
- તું નથી જાણતો કયાં જાય છે તું..., આટલી તેજ તારી ચાલ ન કર - **અદમ ટંકારવી**
- ખુશામતખોર ભાષા ઉપર સરસ ફાવટ ધરાવે છે, ધણા તો ફૂંક મારીને સુંવાળો ડંખ ધરાવે છે - **નીલેશ પટેલ**
- નજીવી બાબતે જીવ ના બાળો... અને કાયમ એ વિશ્વાસ રાખજો કે દરેક બાબત આખરે તો નજીવી જ છે - **રિચાર્ડ કાર્લસન**
- પુસ્તકો એટલે વિચારોના વૃંદાવનમાં ઊભેલાં મનોરમ વૃક્ષો - **ગુણવંત શાહ**
- જીવંત માણસો એ મૃતાત્મા પર જે ધૂળ નાખી એનું નામ કીર્તિ - **કવિ બેન્દ્રે**

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

ઉમદા સ્વભાવના માણસો એવા લાગણીસભર ને સકારાત્મક વિચારના હોય છે કે એમને કોઈની બૂરાઈ દેખાતી જ નથી પણ દુઃખે દુઃખી જ થતા હોય છે. એમનું હૃદય સદાય સ્નેહથી તરબોળ અને ભીંજાયેલું જ રહેતું હોય છે.

આર્જેન્ટીનાના એક પ્રસિદ્ધ ગોલ્ફર વિન્સેન્ઝો, એકવાર પાર્કિંગમાંથી ગાડી કાઢતા હતા. ત્યારે એક ભિક્ષુક જેવી બાઈ આવી અને કહ્યું : એની પુત્રીને કેન્સર છે કંઈક આર્થિક મદદ કરો.

વિન્સેન્ઝો એ થોડા પૈસા આપ્યા. પણ પછી એ રાત્રે એ બાળકીનો ચહેરો જોઈ - યાદ કરી ઊંઘી ન શક્યો... આવું દસ-પંદર દિવસ થયું. રમત પર તેના ઉજાગરાની અસર થવા લાગી. કોચે કારણ પૂછ્યું : વિન્સેન્ઝો એ નિર્દોષ ચહેરાવાળી કેન્સરગ્રસ્ત બાળકીની ચિંતાની વાત કરી.

કોચ મોટેની ખડખડાટ હસ્યા અને કહ્યું : એ સ્ત્રી તો ઠગ છે, બધાને રોજ નવા નવા રોગ કહી છેતરે છે આજે પણ તને એ ત્યાં જ દેખાશે!

વિન્સેન્ઝોના ચહેરા પર પ્રસન્નતા છવાઈ ગઈ. કહ્યું : એ બાળકીને કેન્સર નથી એ જાણીને જ મને ખૂબ આનંદ થયો. આજે હું નિશ્ચિંત બની સૂઈ શકીશ.

# એક બિહારી સબ પે ભારી!

## તંત્રીસ્થાનેથી....

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે બિહાર બિહામણું બની રહ્યું છે. યેનકેન પ્રકારેણ એ બિહારની આગાવી વિધાનસભાની ચૂંટણી જીતી લેવા માગે છે. ખાડીના દેશોમાં ડંકો વગાડીને પરત ફરતાંની સાથે મોદીએ બિહારના મિથિલાંચલમાં મોટી રેલી યોજીને બિહાર માટે સવા લાખ કરોડનું વિશેષ પૅકેજ જાહેર કરી દીધું. જદ(યુ) અને રાજદના નેતાઓ ચૂંટણી ટાણે જ કરાયેલી આ જાહેરાતથી સ્વાભાવિત રીતે જ ડઘાઈ જવા પામ્યા છે. દિલ્હીની ચૂંટણીમાં એમણે વારાણસીમાં પોતાની સામે બાથ ભીડવા આવેલા અરવિંદ કેજરીવાલનો થોડા હળવાશથી લીધા હતા. પાર્ટીમાં કેજરીવાલને ટક્કર આપી શકે એવો ચહેરો નહીં દેખાતા દંતકથારુપ બની ગયેલાં દેશનાં પ્રથમ મહિલા આઈપીએસ કિરણ બેદીનો મુખ્યમંત્રી પદનાં ઊમેદવાર તરીકે આગળ ધરી પોતાની કરિશ્મા અને કુનેહના બળ પર દિલ્હી વિધાનસભાની ચૂંટણી જીતી લેવાની ધારણા રાખી હતી. એમાં ઊંધા માથે પટકાયા પછી મોદી વધુ સાવચેત બની ગયા છે. બિહારમાં લોકસભાની ચૂંટણીમાં સપાટો બોલાવી દીધા પછી સમીકરણો બદલાયાં છે. એકમેકના છાંયડા કાપનારા બે સમર્થ રાજકીય અગ્રણીઓએ મોદીને બિહારની બહાર રાખવા હાથ મિલાવી દઈ એમના બિહાર મિશન પર બ્રેક મારી દીધી છે. સામે મોદીએ પણ એમની તમામ તાકાત લગાવી દીધી છે. નીતીશકુમાર જેમને અલ્પ સમય માટે મુખ્યમંત્રીની ગાદી સુપરત કરીને 'મહાદલિત' વૉટબેંક પર કબજો જમાવવા માગતા હતા તે જીતનરામ માંઝી અને એમનો મૂસહર સમાજ અત્યારે મોદીની પડખે છે. દલિત સમાજના સ્થાપિત નેતા રામવિલાસ પાસવાન અને કુશવાહા સમાજના આગ્રણી ઉપેન્દ્ર કુશવાહાનો કેન્દ્રીય મંત્રીમંડળમાં સમોવશ કરાયો છે. આમ છતાં, લાલુ અને નીતીશની જોડી સામે ટકી શકે એવો કોઈ સ્થાનિક ચહેરો મોદી પાસે નથી. એથી એમણે બિહારના મુખ્યમંત્રી પદના ભાજપ કે એનડીએના ઉમેદવાર તરીકે કોઈ નામ જાહેર કર્યું નથી. ચૂંટણી મોદીની જાદુઈ વ્યક્તિત્વના નામે લડાઈ રહી છે એટલે હવે સવાલ પ્રતિષ્ઠા બચાવવાનો બની ગયો છે. મોદી પોતે જ બિહારના મુખ્યમંત્રી પદના ઉમેદવાર છે એમ ઠસાવીને બિહારીઓના વૉટ લેવાના છે. એથી આંતરિક નારાજગી પણ ઊભી થઈ છે. શત્રુઘ્ન સિન્હા જેવા વરિષ્ઠ અને લોકપ્રિય ભાજપ અગ્રણી વારંવાર એમની નારાજગી ખુલ્લંખુલ્લા પ્રગટ કરતા રહ્યા છે. એમણે નીતીશકુમારની અને લાલુપ્રસાદની પ્રશંસા કરવા માંડી છે અને એમનાં પત્ની કદાચ જદ(યુ) ના ઉમેદવાર તરીકે ચૂંટણી લડે, એવી શક્યતા પણ સરજાઈ છે. મોદીએ શત્રુઘ્ન સિન્હાની પક્ષવિરોધી પ્રવૃત્તિની નોંધ જરુર લીધી હોય પરંતુ હાલ તુરંત આ મુદ્દે તેઓ ચૂપ છે. બિહારને ખાસ પૅકેજ આપીને તેઓ પ્રજામત પોતાના પક્ષે કરવાની ચાલ ચાલી રહ્યા છે. જો કે સામે નીતીશકુમાર પણ ઓછી માયા નથી. મોદીએ બિહાર 'બિમારુ' રાજય ગણાવ્યું એની સામે એમણે વાંધો લીધો છે. વળી પૅકેજમાં સમાવાયેલી રકમ જે યોજનાઓ અન્વયે ફાળવાયેલા છે, એ તો અગાઉ જાહેર થઈ ચૂકેલી છે. 'એકની એક મરઘીને કેટલી વાર હલાલ કરશો?' એવો તીખો કટાક્ષ કરી નીતીશકુમારે વડાપ્રધાન બિહારની પ્રજાને ઉલ્લુ રહ્યા હોવાનો આક્ષેપ કર્યો છે. લાલુ પ્રસાદે પણ મોદી ફક્ત ચૂંટણી જીવતા અદ્ધરતાલ વચનોની લહાણી કરતાં હોવાનું નિવેદન કર્યું છે. મોદીએ કોશી નદીના જળતાંડવથી બેહાલ બનેલા બિહાર માટે ગુજરાતે મોકલાવેલી પાંચ કરોડની મદદ નહીં સ્વીકારીને જે અહંકાર દર્શાવેલો એની યાદ અપાવી એની સામે નીતીશકુમારે બિહારના વિકાસ માટે મને યાચક બનાવામાં કોઈ શરમ નહીં નડે, એવું નિવેદન કર્યું છે. મૂળ મુદ્દો બેઉના અસ્તિત્વનો છે. બિહાર ગુમાવવાથી આ બેઉ વૃશ્ચિક રાશિના નેતાઓનાં વળતાં પાણી થવાની સંભાવના છે!

# રત્ન સમાન નગોડને ઓળખ્યા બાદ તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરીએ અને નિરામય રહીએ



**પહેલું સુખ તે જાતે નર્યા**

ડૉ. કેદાર ઉપાધ્યાય

આયુર્વેદ એક વિરાટ મહાસાગર છે જેમા અમાપ ગહનતા છે. અઢળક વિષયો પણ અઢળક માહિતી અને તેના પણ પાછા અનેક વિભાગો રોગોના નિદાનથી લઈને તેની ચિકિત્સા, ચિકિત્સા માટે વપરાતાં ઔષધો, તે ઔષધોમાંથી તૈયાર કરાતા ઔષધયોગો. તેની માત્રા તેની અસરો-આડઅસરો આદિ કેટકેટલું ભર્યું પડ્યું છે આયુર્વેદમાં.

આયુર્વેદમાં આ વિરાટ મહાસાગરની એક અંજલિ એટલે નિઘંટુશાસ્ત્રો. જેવી રીતે આયુર્વેદના સિદ્ધાંતો-રોગનિદાન - રોગોની ચિકિત્સા આદીને સમજાવવા ગ્રંથો લખાયા છે તેવી જ રીતે જે - તે રોગોની ચિકિત્સા માટે વપરાતાં ઔષધોની માહિતી આપતા ગ્રંથો પણ લખાયા છે. આ ઔષધોની માહિતી આપતા ગ્રંથો એટલે નિઘંટુશાસ્ત્રો.

આ નિઘંટુશાસ્ત્રોમાં અનેક ઔષધિઓના સૂક્ષ્માસૂક્ષ્મ પરિચય હોય છે. આ વાંચવાથી આપણને તે ઔષધિ વિષે વિષદ ખ્યાલ આવે. આજે આપણે આવી અનેક ઔષધિઓમાંની એક ખૂબ ગુણકારી અને આયુર્વેદના ગ્રંથો દ્વારા ખૂબ વખાણાયેલી એવી નગોડનો પરિચય મેળવીએ.

આમ તો આપણા વિસ્તારમાં નગોડ પુષ્કળ થાય છે. અને ગામડામાં તો લગભગ ઘણા ખરા લોકો તેને ઓળખે છે. આઠ થી દસ ફૂટ ઊંચા નગોડના વૃક્ષની પાતળી ડાળીમાં ત્રણ અથવા પાંચની જોડમાં જ પાન હોય છે. પાનને મસળીને સુંઘવાથી તેમાથી વિશિષ્ટ પ્રકારની ગંધ આવે છે. આ નગોડને સંસ્કૃતમાં 'નિર્ગુન્ડી' કહે છે અને તેનું લેટિન નામ છે. 'વાઈટેક્સ નિગંડો'.



**નગોડ પચવામાં હલકી, રૂક્ષ, પ્રકૃતિમાં ગરમ, ભૂખ લગાડનાર, આમનું પાચન કરનાર, બળદાયક રસાયણ, યકૃતને બળ આપનાર તેમજ વેદના તથા સોજાને મટાડનાર છે**

આયુર્વેદ પ્રમાણે જોઈએ તો નગોડ પચવામાં હલકી, રૂક્ષ, પ્રકૃતિમાં ગરમ, ભૂખ લગાડનાર, આમનું પાચન કરનાર, બળદાયક રસાયણ, યકૃતને બળ આપનાર તેમજ વેદના તથા સોજાને મડાડનાર છે. મુખ્યત્વે વેદના તેમજ સોજાને દૂર કરવા માટે નગોડનો વપરાશ થાય છે. આયુર્વેદમાં નગોડ બાહ્ય આલેપન અર્થે તેલ સ્વરુપે તેમજ ગોળી-પાઉડર સ્વરુપે આંભ્યંતર પ્રયોગ અર્થે ઉપયોગમાં લેવાય છે. નગોડનો શૅક ખૂબ ગુણકારી છે. નગોડના પાનની વરાળનો શૅક સોજામાં તેમજ વેદનામાં ખૂબ હિતકારી છે. શરીરની અંદરના તેમજ બહારના સોજાને નગોડ મટાડે છે. નગોડનું તેલ કાનમાં નાખવાથી કર્ણ સ્ત્રાવ અને કાનની વેદનામાં રાહત થાય છે.

આધુનિક વિજ્ઞાન દ્વારા થયેલ સંશોધનોમાં પણ નગોડની અસરકારકતા પુરવાર થઈ છે. આમવાત (રૂમેટાઈડ - આર્થરાઈટીસ) તથા સંધિવાત (ઓસ્ટીઓ - આર્થરાઈટીસીમાં નગોડ શ્રેષ્ઠ છે. આ ઉપરાંત નગોડ નાડીતંત્રને ઉત્તેજીત કરે છે આથી સાઈટીકા, ન્યુરાલ્જીયા, પેરાલીસીસ જેવી બિમારીઓમાં પણ નગોડ અસરકારક છે. આયુર્વેદ જેવી બિમારીઓમાં પણ નગોડ અસરકારક છે. આયુર્વેદ મુજબ જોઈએ તો મુખ્યત્વે વાયુના રોગોમાં નગોડ ખૂબ અસરકારક છે.

માર્કેટમાં નગોડના યોગો અનેક સ્વરુપે મળે છે. નિર્ગુન્ડી - ઘનવટી, નિર્ગુન્ડયાદિ કવાથ, નિર્ગુન્ડી ધૃત આદિ... આ ઉપરાંત તાજી નગોડ તો સર્વશ્રેષ્ઠ, પ્રકૃતિમાં થોડી ગરમ હોવાથી પ્રિતપ્રધાન વ્યક્તિઓએ થોડો સાચવીને ઉપયોગ કરવો.

આમ, રત્ન સમાન નગોડને ઓળખ્યા બાદ તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરીએ અને નિરામય રહીએ.

- drkedarju@gmail.com

# કેવળ એક ફૂલ ચૂંટો છોડ પરથી અને ઈશ્વરના ચરણે ધરો, અગત્યની વસ્તુ આપની શ્રદ્ધા અને ભક્તિભર્યું હૃદય છે, ટોપલી ભરેલા ફૂલ-પાન નહીં



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

**પવિત્ર શ્રાવણ**

પવિત્ર શ્રાવણ માસનો આરંભ થઈ ગયો છે. પહેલો સોમવાર (પવિત્રમાંય વળી વધુ પવિત્ર રંગેચંગે પસાર થઈ ગયો છે. બધા જ વર્તમાનપત્રોમાં ગાંધીનગરના, રાજયના અરે આખા દેશના બધા શિવાલયો 'હર હર ભોલે' ના નાદથી ગૂંજી ઊઠ્યાના સમાચાર છાપાયા. ભાવિક ભક્તો જયાંથી મળે ત્યાંથી બિલી પત્રો તોડી લાવીને ભોળા શંભુના શિરે થોપી રહ્યાં છે. કોઈ વળી તુલસીપક્ષો પૂરા (૧૦૦૮) અને ધતૂરાના ફૂલ ના મળે તો કરેણના ફૂલો પધરાવી રહ્યા છે. જેની ઉપર શિવજીની કૃપા પૂરેપૂરી વરસી છે તેવા બે પાંદડે થયેલા ભક્તજનો નાનકડી લોટીથી માંડી, મોટા મોટા કેન ભરીને દૂધ (હા દૂધ, જે હજુ ભારતના કરોડો ગરીબ ભૂલકાંઓના હોઠને આઝાદીના અડસઠ વરસ પછી પણ સ્પર્શી શક્યું નથી.) શંકરદાદાના શિરે અભિષેક કરવા માંડ્યા છે. આવા સમયે આ અળવીતરા મનમાં કેટલાક પ્રશ્નો નાગની જેમ ફૅણ માંડીને ઊભા થાય છે.

ભગવાને તો બધા દિવસ-રાત-મહિના સરખા જ બનાવ્યા હશે ને? પૃથ્વી ઉત્પન્ન થઈ હશે, માનવ જીવન શરુ થયું હશે અને પંચાગની શોધ નહીં હોય ત્યારે તો બધા દિવસ-રાત સરખા જ હશે ને? લાભ-શુભ જેવું ચોઘડિયું જોઈને તો આપણા પૂર્વપિતાઓ શિકાર કરવા થોડા નીકળતા હશે? વાઘ-સિંહ જેવા હિંસક પશુઓ કંઈ કાળ-રોગ ચોઘડિયામાં જ આપણી પણ નહીં ત્રાટકતા હોય? સમયની કોઈ ગણતરી નહીં હોય ત્યારે બધા ખોરાકની શોધમાં આખો દિવસ આમતેમ ભટકતા હશે. જયાં શિકાર અથવા બીજો ખોરાક મળી જાય ત્યાં, સ્થળ પર જ ઉજાણી શરુ થઈ જતી હશે. આજની તારીખે પણ જયારે ગિરના સિંહ કયાંક મનગમતું મારણ મળી જાય ત્યાં કેવા લિજ્જતથી એક દ્વારકા વસાવે છે. પરંતુ ક્રમશઃ માણસ સુધરતો ગયો અને જાણતો થયો કે અમુક સમયે જ વરસાદ વરસે છે, ગરમી અને ઠંડી પણ એના નિશ્ચિત ગાળા દરમિયાન એનો પ્રભાવ બતાવે છે. એટલે અનુકૂળ સમયે બહાર નીકળવાનું અને પ્રતિકૂળ સમયે ટાઢ-તાપ-વરસાદથી પોતાની જાતનું રક્ષણ કરવાનું એને સૂઝ્યું હશે. આમ યાત્રાઓ માટે, બહાર ફરવા માટે, દેવદર્શન માટે અત્યારનો સમય એટલે કે શ્રાવણ માસનો ગાળો એકદમ સાનુકૂળ જણાયો હશે એટલે આ સમય બધાયે પસંદ કર્યો હશે. અગાઉ બે-ચાર વરસાદ થઈ ગયા હોય, નદી-નાળાં છલકાઈ ગયા હોય, વૃક્ષો લીલાછમ થઈ ગયા હોય અને ધરતી પર લીલું ઘાસ ઊગી નીકળ્યું હોય એવા સમયે બહાર જવાનું થાય તો રસ્તામાં કયાંક પીવાના પાણીની કે સ્નાનની કશી મુશ્કેલીઓ ના થાય, તાજા ફળ ખાવાનો મળી રહે, નિરાંતે બેસવા-ઊંઘવા માટે ઝાડનો દહેશત ના હોય અને ટાઢ-તડકાને બદલે સરસ આહલાદક વાતાવરણ માણવા મળે તો એ મહિનાને આપણો પૂર્વજ 'પવિત્ર' નો દરજ્જો આપ્યા વગર કઈ રીતે રહી શકે?

'ફૂલ તો એનું ફૉરમ ઢાળી રાજી.' એવું સાંભળવામાં ખૂબ સારું લાગે છે. એની સામે સવારના પહોરમાં આપણા પૂર્વજો પેઠે ફૂલોનો શિકાર કરવા નીકળેલા ભાઈઓ-બહેનોને જોઈને જ ફૂલો કાંપવા માંડતા હશે! બિલીપત્રની પણ આવી જ દશા છે. તમે હજુ તો પહેલા વરસાદ પછી બિલીનો એક છોડ રોપ્યો હોય અને તેના ગણીને પાંચ પાંદડા કોળ્યા હોય, એને સવારે નહાઈ-ધોઈને પાણી પીવા જાય ત્યાં સહસ્ત્રાર્જુનના હજારે બાજુ કપાઈ ગયા પછી જેવો દેખાય તેવો ઠંઠા જેવો છોડ તમારી નજરે ચડે ત્યારે તમારા હૃદયમાં હું નથી માનતો કે કોઈ સદ્ભાવનાનો ઉદ્ગમ થાય! દૂધના અભિષેક વિશે હું શું લખું? મારી અક્ષમતા સ્વીકાર કરું છું, દોસ્તો. અમારા લાભશંકર ઠાકર સાહેબ આ બાબતે કલમ ઉઠાવે તો કદાચ આ ક્રૂર ભક્તોની આંખો ઉઘડે. (જોકે ઉઘડે જ, એવી કોઈ ગેરંટી નથી.)

તમને થશે, તો પછી પ્રભુની પૂજા કરવી કઈ રીતે? પહેલાં પણ કહ્યું'તું, ફરીથી પણ કહું છું, કેવળ એક ફૂલ ચૂંટો છોડ પરથી અને ઈશ્વરના ચરણે ધરો. અગત્યની વસ્તુ આપની શ્રદ્ધા અને ભક્તિભર્યું હૃદય છે, ટોપલી ભરેલા ફૂલ-પાન નહીં. બસ એક ચમચી દૂધ આંખ મીંચી અભિષેક કરો અને બાકીનું કોઈ ગરીબ શિશુની વાટકીમાં રેડી શકશો? આપનો ભગવાન નારાજ નહીં થાય, ઉલટાનો એ પેલા ભૂખ્યા બાળકના ચહેરા પર આવેલું સ્મિત જોઈ રાજી થશે.

આ ફૂલો, પાંદડા, ઘી, દૂધ, મધ, કંકુ, અબીલ-ગુલાબ, ચોખા તમામને પોતાના દેહમાં સમાવનાર શબ્દો અંગે મનોજ ખંડેરિયાએ શું કહ્યું છે જાણો છો?

રસમ અહીંની જુદી, નિયમ સાવ નોખા
અમારે તો શબ્દો જ કંકુ ને ચોખા.

આ કવિએ, આ જ ગઝલમાં છેલ્લે તો એટલે સુધી કહી દીધું કે-

વહાવ્યા કરું આંગળીમાંથી ગંગા
કે કયારેક જો હાથ થઈ જાય ચોખ્ખા.

મતલબ કે આપણે આ પ્રદૂષિત હાથને ચોખ્ખા કરવા માટે શબ્દોનો જ સહારો લેવો પડશે. આપણા વડવાઓએ એ માટે ભજનવાણીના સાગર વહાવ્યા છે. નામ સ્મરણ એ જ ઉત્તમ ભક્તિ છે એવું જ કહેવાય છે. એટલે તો શ્રી મકરંદ દવેએ ગાઈ-વગાડીને કહ્યું છે 'વજન કરે તે હારે રે મનવા, ભજન કરે તે જીતે.' ગંગાભાઈની નાકની સોનાની વાળી સામે શ્રી રણછોડરાયને તોળવાથી કયું પલ્લું નમેલું એ કહેવાની કશી જરુર નથી. આ શ્રાવણ માસમાં (એને એકલાને પવિત્ર કહેવાની જરુર નથી) કવિશ્રીનું આ ભજન રોજેરોજ ગાવા જેવું છે. ફક્ત શ્રાવણ માસમાં જ શા માટે, બારે મહિના એનો એકે એક શબ્દ વિસરવા જેવો નથી. આપના હોઠ જયારે આ ગીત ગણગણતા થઈ જશે ત્યારે તમે પણ મારી જેમ કેવળ એક પુષ્પ ઈશ્વરના ચરણે ધરતા થઈ જશો. કોશિષ તો કરો મારા ભાઈ!

**ભજન કરે તે જીતે**

વજન કરે તે હારે રે મનવા, ભજન કરે તે જીતે.
તુલસી-દલથી તોલ કરો તો, બને પવન-પરપોટો
અને હિમાલય મૂકો હેમનો, તો મેરુથી મોટો;
આ ભારે હળવા હરિવરન, મૂલવવો શી રીતે?
રે મનવા, ભજન કરે તે જીતે. એક ઘડી તને માંડ મળી છે
આ જીવતરને ઘાટે, સાચ-ખોટનાં ખાતાં પાડી
એમાં તુ નહીં ખાટેઃ સ્હેલીશ તું સાગર મોજે કે
પડ્યો રહીસ પછી તે? રે મનવા, ભજન કરે તે જીતે
આવ, હવે તારા ગજ મૂકી, વજન મૂકીને વરવાં,
નવલખ તારા નીચે બેઠો કયા ત્રાજવડે તરવા?
ચૌદ ભુવનનો સ્વામી આવે, ચપટી ધૂળની પ્રીતે -
રે મનવા, ભજન કરે તે જીતે - **મકરંદ દવે**

# આપણે નર્યા બુદ્ધિજીવી કે બુદ્ધિવાદી ન રહેતા બુદ્ધિનિષ્ઠ બનીએ એ જ કલ્યાણ માર્ગ છે!!!



**લાગણીનો મેળો**

રસિક વાળંદ

ધ્યાન ધરતાં કોઈને વિક્ષેપ ના કદી થાય છે,
હૈયું બને હસતું અને મનમલિનતા ધોવાય છે,
ખીલે પ્રભુ જયાં પ્રેમથી,
મંદિર એ જ ગણાય છે!

(સ્વા. ગીતમાલા- ૧)

ભારતીય સંસ્કૃતિના સર્જકોએ લોહીનું પાણીને હાડકાનું ખાતર કરી આ મહામૂલી માનવસભ્યતાનું નિર્માણ કર્યું છે... પરંતુ આજની ભોગવાદી વિચારધારા એને ભરખી રહી છે તો બીજી બાજુ ભ્રાંત ઈશ્વરવાદ સમાજમાં ફાલતો જાય છે. આપણા તીર્થસ્થાનોમાં જો નજર કરીએ તો ઠેરઠેર ધક્કામૂક્કી પૂજારી, કર્મચારીગણની જડતા, ભાવુકોની વેવલી છીછરી બધાઆખડીમાં માનનારી કૃતિશૂન્ય બુદ્ધિહીન ભક્તિ... અરે તીર્થસ્થાનના ગંદા જળનું આચમન અને સ્નાન કરનારા ભોળા ભક્તોને જોઈ હૈયું હચમચી જાય છે!! પવિત્ર તીર્થસ્થાનોમાં સ્વચ્છતાનો સદંતર અભાવ... બીજું કે કેટલાય સંકલ્પો કરીને દૂર દૂરથી આવનાર શ્રદ્ધાળુની શ્રદ્ધા ફળીભૂત થાય ને મનને ટાઢક મળે એવી નિરાંત મંદિરના પરિસરમાં હોય છે ખરી?! કરોડોની રોકળી કરનારા દેવસ્થાનોના જવાબદારોએ આ અંગે વિચારવું જોઈએ.

આજે ધર્મકેન્દ્રી નહિ પ..ણ ધનકેન્દ્રી બનેલા સંપ્રદાયોમાં બિચારા ગરીબને તો જાણે ધર્મ કરવાનો અધિકાર જ નથી એવું જણાય છે. કારણ કે દરેક કર્મકાંડમાં ચઢાવા ને બોલી બોલાતી હોય છે. ખુદ ભગવાન બની બેઠેલા ગુરુ પણ મફતમાં પગલા પાડતા નથી. મિત્રો મારો ઉદ્દેશ અહી ટીકા કરવાનો કે કોઈને હલકા ચીતરવાનો નથી. પરંતુ આપણે સૌ એ પણ જાણીએ છીએ કે ભવ્ય મહાલય સમા મંદિરોના નિભાવ અર્થે અર્થ પૈસો જરૂરી છે. એ માટે કદાચ આ બધી યુક્તિ પ્રયુક્તિઓ થતી રહી છે પરંતુ ભવ્ય દેવસ્થાનોના નિભાવની ચિંતામાં તેનો હાર્દરૂપ પ્રભાવ ખલાસ થયો તે ખટકે છે. જયાં પ્રત્યેક આયોજન પાછળ માત્ર પૈસો જ હોય તો તે મંદિર કહેવાય ખરૂ??! આને તો ધર્મની દુકાન જ કહેવાય... મંદિરમાં આવેલું ધન પ્રભુ પ્રસાદ બને જે માનવકલ્યાણ અર્થે જ વપરાય એવું આયોજન કરાય તો સમાજમાં દીનતા અને લઘુતા લેશ ન રહે. આ છે ઋષિઓની કલ્પનાનું મંદિર.. આજે એક એકથી ચઢીયાતા ભવ્ય ને દિવ્ય (ફાઈવસ્ટાર) મંદિરો કદાચ સાંપ્રત યુગની માંગ હશે... ઓછા નામે આજનો બુદ્ધિવાદીબુદ્ધિજીવી વર્ગ ફરવા જવાના બાને પણ ધર્માભિમુખ બને...

દોસ્તો, પરમાત્મા જીવનનું સાધ્ય છે પરંતુ ભોગવાદીઓએ તેને ભોગપ્રાપ્તિનું સાધન બનાવી દીધો છે. માણસ ભક્તિ પૂજાપાઠ અર્ચના કાં તો ભોગથી કાં તો ભીતિથી કરે છે. આજે આસ્તિકોથી દુનિયા ઉભરાય છે પરંતુ ભક્તિની સાચી સમજણના અભાવે ખુમારીના બદલે દીનતા, હીનતા અને લાચારી તેની રગેરગમાં વ્યાપી ગયી છે. હરપળે પ્રત્યેકને બુદ્ધિથી માપનારાઓનું મગજ ઘણું વિસ્તર્યું કરું પ..ણ હૈયું સાવ સંકોચાયું... આ જોઈને આધુનિક યુગના મહર્ષિ પાંડુરંગ શા સ્ત્રીજી એ ભક્તિની નવી સંકલ્પનાઓ સમાજ સમક્ષ ધરી... એમણે તો આપણી મૂર્તિપૂજાને... કહી પ્રતિપાદિત પણ કરી બતાવ્યું. મંદિરો માત્ર પૂજાપાઠ કરવા માટે જ છે એ માન્યતા સાવ ભૂલ ભરેલી છે. ચિત્ત એકાગ્ર કરવું હોય, ભગવાન પાસે કઈક માંગવું હોય, પાપ ઓકવું હોય, પુત્ર તરીકે ભગવાનના ખોળામાં બેસવું હોય, સુખ માંગવું હોય કે દુઃખ કહેવું હોય તો ભગવાન પાસે એકલા જ બેસાય. સમૂહમાં પ્રભુની પ્રાર્થના થાય પૂજા ન થાય તેથી જ આપણા આર્ષદ્રષ્ટા ઋષિઓએ મંદિરો સર્જયાં. ઋષિઓની નજરે મંદિર એટલે પ્રભુના શ્વાસોશ્વાસ સમા વેદોનો સ્વાધ્યાય જયાં થતો હોય, પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા સૌ ભેગા મળી પ્રાર્થના કરતા હોય, ભગવાનના સૌ લડકા દીકરાઓ સાથે બેસી એકાત્મભાવ અનુભવે, જયાં ઊંચનીચ, નાના-મોટા શ્રેષ્ઠ કનિષ્ઠના ભેદો ભૂલી ભગવાનના દીકરા તરીકે સૌ એક થઈ ભગવાન પાસે બેસે આવી ઉચ્ચતમ ભાવના મંદિર નિર્માણમાં રહેલી છે.

આજના દર્શનાર્થી તો પૂજા કરવા, કઈક માંગવા કે પૂણ્ય પ્રાપ્ત કરવાના ઈરાદાથી આવતાં હોય છે. વળી મંદિરમાં વારેવારે થતા ઘંટનાદમાં શાંતિની કલ્પના પણ કેવી!? શ્રાવણ માસ હોય કે કેટલીક નિશ્ચિત તિથીઓએ તો ભક્તિનું ઘોડાપૂર ઉમટે છે. દરેક પોતપોતાની અનુકુળતાએ આવે અને વૈયક્તિક પ્રાર્થના કરે. આમ એકસાથે અસંખ્ય લોકો આવે ખરા પ...ણ... એકબીજા સાથે કોઈ જ સંબંધ હોતો નથી. આજના મંદિરોમાં વેદઘોષ કે પ્રભુના વિચારોનો ઘોષ સાંભળવા મળતો નથી. લોકોની આવી ધર્મઘેલછા જોઈ ભગવાન પણ અકળાતો હશે. રોજ ઘરેડબદ્ધ મંગળાથી શયન સુધીના દર્શનનો લ્હાવો લેવા ધક્કે ચઢતા ભાવિક ભક્તોની ભીડમાં ભગવાન જ ખોવાઈ જાય છે. કર્યું એટલું પૂણ્ય માનનારા ગોલખમાં પાઈપૈસો નાંખીને અનેરી કૃતાર્થતા અનુભવતા મળે. કૃતજ્ઞતાની સમજણ કે શિસ્ત તો સાવ વિસરાઈ ગઈ છે. મંદિરમાં જનાર ભક્તજન ભગવાનને પોતાના કર્મનો હિસાબ આપવા જાય છે. તેથી જ હાથ જોડી મસ્તક નમાવે છે.

ભગવાન તેના મનબુદ્ધિને વાંચે... પોતાની કમાણીનો નિશ્ચિત ભાગ ગુપ્ત રીતે ભગવાનના ચરણે ધરે. આ પ્રભુના ચરણે મૂકાયેલો પૈસો એ દેવદ્રવ્ય છે. એ તો પ્રભુકાર્યમાં વ્યય થવાને બદલે વ્યવહારુ કાર્યોમાં દુર્વ્યય થાય છે. વ્યક્તિએ મૂકેલી લક્ષ્મી મહાલક્ષ્મી બની પ્રભુના પ્રસાદ સ્વરૂપે જરૂરીયાતમંદ સુધી પહોંચાડવો જરૂરી છે. આ પ્રસાદ ગ્રહણ કરનાર ન દીનતા, ન હીનતા, ન લઘુતા કે ન લાચારીના ભાવ સાથે સ્વીકારે ને જયારે સક્ષમ બને ત્યારે પૂનઃ પ્રભુના ચરણે ભગવાનનો ભાગ ધરી કૃતકૃત્યતા અનુભવે. આમ ન ખબર પડતા સામાજિક ઉત્થાન થયા જ કરે...મારે ભગવાનનું કામ કરવું છે. આ સમજણ જ આજે ચાલી ગઈ હોવાથી મંદિરમાં જનારને કર્મનો હિસાબ ભગવાનને આપવાનો સવાલ જ મનમાં પેદા થતો નથી. પરિણામે ભગવાનને બદલે ભગવાનને ધરેલા ભોગ કે શણગારના દર્શન કરી સમાધાન માને છે. આમ આજે મંદિર ઉપહાસની જગ્યા બની ગઈ છે. આપણા ક્રાન્તદર્શી ઋષિમૂનીઓએ ગામના ભાવકેન્દ્ર તરીકે મંદિર નિર્માણ કર્યું હતું જયાં ભવ્યતા, શાંતિ ને પાવિત્ર્ય અપેક્ષિત છે. જયાં જીવનનું દર્શન મળે. ગીતા, ઉપનિષદના સ્વાધ્યાય દ્વારા માનવ જીવનની સમસ્યાઓ ઉકેલાતી હોય તો તે સાચા અર્થમાં મંદિર છે. મંદિર પવિત્ર હોવું જોઈએ. ભગવાનની મૂર્તિ પણ ચિત્તાકર્ષક હોય તો મન તેમાં એકાગ્ર થઈ શકે. માનવી પ્રાર્થનામાં એકાગ્ર થાય તેનું મન શાંત અને પ્રસન્ન બને આ ઋષિઓની મંદિરની કલ્પના છે. આજના આવા મંદિરોથી વ્યથિત પાંડુરંગ શાસ્ત્રીએ મંદિરનો જીર્ણોદ્ધાર કરી ઋષિઓની કલ્પનાના મંદિર નિર્માણ કર્યા છે. ગ્રામજનો માટે લોકનાથ અમૃતાલાયમ નિર્માણ કરી મંદિરની કલ્પના સાકારિત કરી છે. આ ઉપરાંત વૃક્ષમંદિરોનો અનોખો પ્રયોગ આપી નવો રાહ ચીંધ્યો છે. છોડમાં રણછોડ, ક્યારામાં કૃષ્ણ, ને કેશાકર્ષણ નહિ પણ કેશવાકર્ષણની વાત સમજાવી નાસ્તિકોના સંશયો દૂર કર્યા ને આસ્તિકોના વહેમ અંધશ્રદ્ધા પણ દૂર કર્યા. પથ્થરોના મંદિરોના બદલે ઠેર ઠેર જો આવા વૃક્ષ મન્દિરો નિર્માણ થાય તો સમાજના આસ્તિક નાસ્તીકના ભેદો ભૂંસાય. ધનનો

અનુસંધાન પાના નં. ૭ પર